શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ




માર્ચ-૨૦૨૦ અંક - ૩ વર્ષ ૫૮ સળંગઅંક : ૪૭૪

માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.



તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com

Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક

## ૧૪મી પૂણ્યતિથિએ
## હાર્દિક શ્રદ્ધાંજલી



સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી - લેસ્ટર યુ.કે.
જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ,
કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે.
તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના......

### અર્પણકર્તા

*શ્રી બાલુભાઈ ઝીણાભાઈ પંચોલી*

*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*

*આયવંત ડી'કોષ્ટા પ્રીતિ ડી'કોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester, LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475

## નવયુગ શુભેચ્છક
## હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. પુષ્પાબેન અમૃતલાલ મિસ્ત્રી**
**જન્મ : ૦૬.૧૨.૧૯૪૭ સ્વર્ગવાસ : ૧૮.૦૨.૨૦૧૬**
**સ્વ. અમૃતલાલ ઈચ્છારામ મિસ્ત્રી**
**જન્મ : ૦૩.૦૯.૧૯૩૯ સ્વર્ગવાસ : ૨૨.૦૯.૨૦૧૯**

આપના માયાળુ મિલનસાર સ્વભાવ,
કૌટુંબિક ભાવના અને ધાર્મિકવૃત્તિ,
આપની કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા અને તનતોડ
મહેનત કરવાના આદર્શ ગુણો વિસરી શકાય
એમ નથી. પરમ કૃપાળુ પરમાત્મા આપની
આત્માને પરમ શાંતિ આપે એવી
પ્રભુ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ.

### અર્પણકર્તા

શ્રી નૈનેશ અમૃતલાલ મિસ્ત્રી
શ્રીમતિ પરેશા નૈનેશ મિસ્ત્રી
ચિ. ઉદય - ચિ. જીત

શ્રી કમલેશ અમૃતલાલ મિસ્ત્રી
સ્વ. કેતકી કમલેશભાઈ મિસ્ત્રી
ચિ. ભાવિકા - ચિ. યશ

શ્રી સુભાષભાઈ રમણલાલ પંચોલી
શ્રીમતિ વિપુલા સુભાષકુમાર પંચોલી
ચિ. ધવલ - ચિ. વિજલ

૭/૬૮, ન્યુ પિરામલ નગર સોસાયટી,
પિરામલ નગર, એસ.વી.રોડ, ગોરેગાંવ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦૧૦૪
મોબાઈલ : ૯૭૬૮૦૨૯૨૬૩ / ૯૮૧૯૩૬૯૩૨૩

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**માર્ચ-૨૦૨૦**

તમસો માં જ્યોતિર્ગમય

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક** **રૂા. ૧૦/-**
**વાર્ષિક લવાજમ** **રૂા. ૧૦૦/-**

# તંત્રી નોંધ



સુજ્ઞ જ્ઞાતિજનો.....

કુશળ હશો....

હોળીના તહેવાર દ્વારા આસુરી શકિત પર વિજય મેળવ્યો અને પછી વિજયોત્સવ રૂપે ધુળેટી, એક બીજાને રંગોથી રંગ્યા... ભલે કલર જુદા હોય પણ છેલ્લે એકબીજામા ભળી જાય છે...આપણે પણ બધુ ભુલી જઇ એકબીજામાં ભળી જઇએ.. અને અનોખો ઉત્સવ ઉજવીએ....

માર્ચ માસ એટલે પરિક્ષાનો મહિનો... પરીક્ષા હોવાથી સૌ કોઇ વ્યસ્ત, બાળકો વ્યસ્ત, માતા પિતા વ્યસ્ત અને પાછા ટેન્શનમાં.. જીવનની પ્રગતિ માટે પરીક્ષા પાર કરવી જરૂરી છે.. પછી પરીક્ષા ભણતરની હોય કે ગણતરની હોય કે જીવતરની હોય પાસ તો કરવી જ પડે છે. જે પાસ થાય છે તે પ્રગતિ કરી શકે છે... આથી મિત્રો શાંતિથી પરીક્ષા આપજો. જેટલી મહેનત કરી છે તેટલુ ફળ અવશ્ય મળવાનું જ છે.. આપ સૌ સારા માર્કસ લાવી ઉતિર્ણ થાઓ અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી હાર્દિક શુભેચ્છાઓ...

ધુળેટીના તહેવાર પ્રસંગે એકબીજાપર કેમીકલ્સ, કાદવ, કીચડ વગેરેથી રંગવાની પ્રથા છેલ્લા કેટલાક વર્ષોથી જોવામાં આવે છે... આનાથી એલર્જી, વાળ કે આંખને નુકશાન થઇ શકે છે... આથી ઇકોફ્રેન્ડલી રંગો કે પછી ફુલોકી હોલી રમી શકાય છે...

પરીક્ષાઓ પછી વેકેશન તો પડશે જ અને એમાં કંઇ નવી પ્રવૃત્તિ મહામંડળ તરફથી વિચારી શકાય ! અંકલેશ્વરમાં ઉજવાયેલ આકાંક્ષા-૩ મહોત્સવમાં યુવાનો સક્રિય થયા છે તો તેમની સક્રિયતા ચાલુ રાખવા વેકેશનમાં કોઇ પ્રવૃત્તિ કે પીકનીક દ્વારા તેઓને પ્રોત્સાહન આપવાની જરૂર છે.. દરેક એકમના સ્વયં ગ્રુપ પણ વેકેશનમાં કોઇ પોગ્રામનું આયોજન કરી શકે એવી આશા અસ્થાને નથી જ....

**હેપી હોલી-ધુળેટી** અસ્તુ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૌ.સ.મહામંડળ
મો. ૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ તથા બાળકો..

સૌ કુશળ હશો.

આ નવયુગ મળશે ત્યાં સુધીમાં ગુજરાત બોર્ડ, સી.બી.એસ.સી. બોર્ડની એક્ઝામ ચાલુ થઇ ગઇ હશે. આ વર્ષે બોર્ડની એક્ઝામ અપાવનાર તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીની મિત્રોને મહામંડળની તમામ સંલગ્ન હોદ્દેદારો સહિત અમારા સૌ તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ... તમોએ વર્ષ ભર કરેલ મહેનત ફળે એવી શુભકામના, અને ધારેલા માર્ક ના આવે તો જરાય નિરાશ થશો નહીં. સમાજ, દુનિયા માત્ર ડોકટર-એન્જીનીયરોથી નથી ચાલતી, આજે કુશળ કારીગરો શોધતા પણ મળતા નથી અને જે મળે છે તેઓ પોતાની શરતે કાર્ય કરે છે. માટે માત્ર પરીક્ષાથી તમારું મુલ્યાંકન કરશો નહીં. પરંતુ જ્યાં હો, જે કાર્ય કરો તે કાર્યમાં તમારો ૧૦૦% એફર્ટ હોવા જોઇએ.

મને એક સેમીનાર દરમ્યાન સુરતના એક ભૂતપૂર્વ મેયરશ્રી એ કહેલી વાત યાદ આવે છે. તેઓએ કહ્યું હતુ કે ‘મારી સામે ઓડિયન્સ બેઠુ છે તે બધાજ હાઇલી એજયુકેટેડ એન્જીનીયરો કે આર્કિટેક છે, પરંતુ તેઓ જેના માટે પ્લાનો બનાવે છે તે બિલ્ડરો, આર્કિટેક કે એન્જીનીયરો હોવા જરૂરી નથી, જીવનમાં કોઠાસુઝ પણ એટલી જ જરૂરી છે. આજે વરાછામાં ૧૦૦ કરોડ/૨૦૦ કરોડ નું ટર્ન ઓવર ધરાવતી કંપનીના ચાર ભાઇઓ ભેગા મળીને ચલાવતા હોય અને ચારેના ભણતરનું ટોટલ મારીએ તો મેટ્રીક પાસ નહી થાય. માટે જે કાર્ય કરો તે પુરી લગનથી કરો’ તો દિલથી મહેનત કરો અને એના ફળથી કદીય નિરાશ થશો નહીં....**ALL THE BEST**

દરેક એકમના હોદ્દેદારોને વિનંતી કે મદદ માટે જે ફોર્મ પર સહી કરો ત્યારે તમામ મુદ્દાઓ અરજદારે લખ્યા છે કે કેમ, તે ચેક કર્યા બાદ જ સહી કરશો, અધુરી માહિતિવાળા ફોર્મ રદ કરવામાં આવશે. ખાસ કરીને મળતી મદદ વિશે માહિતી આપવામા આવતી નથી, મહામંડળને અરજદારને મળતી સહાયના મુદ્દે કોઇ અરજી રદ કરી નથી તો સાચી માહિતી આપવી તમામ અરજદારોની ફરજ બને છે. અને અમોને એની આપના તરફથી અપેક્ષા પણ છે. આપને લોકલ એકમમાંથી સહાય મળે છે કે કેમ ? જવાબમાં ના લખો એનો એવો અર્થ કરી શકાય કે આપની આર્થિક હાલત સારી છે, અને એકમને પણ આપને મદદ આપવાની જરૂરીઆત જણાતી નથી. જે એકમો કોઇ મદદ આપી શકતા નથી ત્યાં(એકમમાંથી સહાય આપવામાં આવતી નથી) મુજબ સ્પષ્ટતા કરવા વિનંતી. અમારો પ્રયાશ જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને વધુમાં વધુ સહાય આપવાનો છે, તમારા સહકારથી જ એ શકય બને એમ છે...

આ અંક મળશે ત્યાં સુધીમાં માર્ચ મહિનો આવી ગયો હશે.. સૌ સંલગ્ન સંસ્થાના હોદ્દેદારોને પોતાની સંસ્થાના એકાઉન્ટ તૈયાર કરી રાખવા વિનંતી...

**તમને બીજા કરતા મોડી સફળતા મળે**
**તો ઉદાસ ના થાશો...**
**કારણ કે નાના ઘર કરતા**
**મહેલને બનતા સમય તો લાગે જ....**


સ્વ. શાંતિલાલ ખુશાલદાસ મિસ્ત્રી મુંબઇ ગં.સ્વ.હસુમતીબેન ડાહ્યાભાઈ મિસ્ત્રી મુંબઇ



**SHAIL**
**Photo :31.03.2003**

## WISHING YOU BRIGHT FUTURE

## HAPPY BIRTHDAY

## Shail

**Birth Dt : 31.03.2003**

**Lovingly yours**

**Sanjay Papa Nilima Mom Vidhey**

**Nova Foi Jayesh Fuvaji Rutvi Didi**

**DADA : DADI**
**And All Family members**

**Bipin J Pancholi**
9/783 Sri Krushna Krupa,
Kanpura Main Road
VYARA 394650
Dist. Tapi (Gujarat)
Mob : 9898575025

**Sanjay Pancholi**
B-5/302 Montvert Pristine
Off. Aundh Road, Khidki
POONA : 411020
Maharashtra
Mob : 09822569751



**ચક્ષુદાતા સ્વ. નગીનદાસ પિતાંબદાસ પંચોલી**
સ્વર્ગવાસ ૨૫.૦૩.૨૦૧૮
ભાટપુર

## દ્વિતીય પૂણ્યતિથિએ
## શ્રધ્ધાંજલી

શૂન્યમાંથી સર્જન કરી કુટુંબ માટ સદા હસતા રહ્યા...
પ્રભુ આપના આત્માને પરમશાંતિ સહ સદ્ગતિ અર્પે
એજ પ્રાર્થના

**અર્પણકર્તા**

ગં.સ્વ. સુશીલાબેન નગીનદાસ પંચોલી
પ્રદિપકુમાર એન. પંચોલી - Mo. 84642 82628
સૌ. પારૂલબેન પી. પંચોલી
ચિ. મનન અને ચિ. દિક્ષા
સતિષકુમાર એન. પંચોલી
સૌ. રંજનબેન એસ. પંચોલી
ચિ. સંકેત - ચિ. ખુશ્બુ
દિપ્લેશકુમાર આર. પંચોલી
સૌ. સંગીતાબેન ડી. પંચોલી
ભાટપુર

# નવજીવન (પ્રેરણાત્મક વાર્તા)

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ



તાજેતરમાં બની ગયેલો એ કમનસીબ બનાવ સરલાબહેનના દિલો દિમાગમાં કોઇ સિનેમાના રીલની માફક ભજવાયો. વાત જાણે એમ બની હતી કે આજથી લગભગ પંદર દિવસ પહેલા એક સવારે સ્કુલમાં જવા માટે તૈયાર થઇને સુમેહ ફ્લેટના પગથીયા ઉતરી રહ્યો હતો. રોજ કરતાં આજે એ પાંચ મિનીટ મોડો હતો, એટલે સ્કુલવાન છૂટી ન જાય એટલા માટે ઉતાવળે પગથીયા ઉતરવા ગયો. હડબડાટીમાં એના જ હાથમાં રહેલી વોટરબોટલ એના પગમાં અટવાઇ અને અડબડિયું ખાઇને છ સાત પગથીયા એકસામટા કુદાવીને એ ઉંધા માથે પટકાયો.

એ સાથે જ એનું માથું પગથીયાની અણીયાળી ધાર સાથે જોરથી અથડાયું. અને લોહીની ધાર ફૂટી નીકળી, એનાથી એક કારમી ચીસ પડાઇ ગઇ. ચીસ સાંભળીને બિલ્ડીંગનો વોચમેન દોડી આવ્યો, એણે ફટાફટ ઉપર જઇને રોહિતભાઇને આ બનાવાની જાણ કરી. એ સાથે જ રોહિતભાઇ અને સોનાલીબહેન દોડતાં નીચે આવ્યાં. પપ્પાના કહેવાથી સીમોની એની દાદીને લઇને લિફ્ટમાં નીચે ઉતરી. અવાજ સાંભળીને પડોશીઓ પણ દોડી આવ્યા. સુમેહને આ હાલમાં જોઇને બધા લોકો ધભરાઇ ગયા. તરત જ કોઇએ એમ્બ્યુલન્સ બોલાવી. દીકરી સીમોનીને દાદીનું અને ઘરનું ધ્યાન રાખવાનું કહીને રોહિત-સોનાલી, એમ્બ્યુલન્સમાં સુમેહને નજીકની હોસ્પિટલમાં લઇ ગયા.

હોસ્પિટલ પહોંચતાં જ ત્યાં હાજર ડોકટરે પરિસ્થિતિની ગંભીરતા સમજીને પોતાના સ્ટાફને 'ઓપરેશન થિયેટર' તૈયાર કરવાની સુચના આપી. અને જરૂરી ટ્રીટમેન્ટ શરુ કરી દીધી. સુમેહને લોહી ખુબ જ વહી ગયું હતું. એનું બ્લડપ્રેશર સતત નીચું જઇ રહ્યું હતું, પલ્સ પણ ધીમી થઇ રહી હતી. એનું બ્લડગ્રુપ ટેસ્ટ કરીને હોસ્પિટલના બ્લડસ્ટોરેજમાંથી લોહીની બોટલ્સ તૈયાર રાખવાની સુચના અપાઇ ગઇ. પછી એને તરત જ ઓપરેશન થિયેટરમાં લઇ જવાયો.

ઓપરેશન થિયેટરમાં લઇ જવાતાં સુમેહને જોઇને સોનાલીએ ડોકટરને રડમસ અવાજે પૂછ્યું, 'ડોકટર, મારો દીકરો બચી તો જશે ને ?' ડોકટરે એને ધીરજ બંધાવતાં કહ્યું, 'અમે અમારાથી બનતું બધું જ કરીશું, બાકી તો બધું ઉપરવાળાના હાથમાં. ગોડ ઈસ ગ્રેટ.' અને ઓપરેશન થિયેટરના બારણાં બંધ થયાં અને બહાર લાલ બલ્બ ઝબૂકી ઉઠ્યો.

સોનાલી રોહિતના ખભા પર માથું મુકીને ધ્રુસકેધ્રુસકે રડી પડી. રોહિતે પોતાનું દુખ છુપાવીને એને કહ્યું, 'સોનાલી, પ્લીઝ. શાંત થઇ જા. રડવાથી આપણો સુમેહ સાજો નહિ થઇ જાય. આપણે બંને ઈશ્વરને પ્રાર્થના કરીએ, મારનારો એ છે તો તારનારો પણ એ જ છે.

હોસ્પિટલમાં આવવાની ના કહી હતી, અને તબિયત નરમ ગરમ ચાલ્યા કરતી હતી, એટલે સરલાબહેન સીમોની સાથે ધરે હતાં. પણ એમના જીવને જરાય ચેન નહોતું પડતું. ઘરના મંદિરીયામાં, કૃષ્ણની પ્રતિમા આગળ બેસીને, આંખો બંધ કરીને, હાથ જોડીને, ઉચક જીવે તેઓ પોતાના જીવ જેટલા વહાલા સુમેહને બચાવી લેવા પ્રભુને સતત આજીજી કરતા રહ્યા. સીમોની પણ બેચેન તો હતી જ, પણ એણે એના દાદીને સંભાળવાના હતા એટલે પોતાની જાતને મજબુત કરીને એ દાદીને સંભાળી રહી હતી.

કહેવાય છે કે, 'માણસના જન્મ અને મરણનો સમય પ્રભુએ નક્કી કર્યો જ હોય છે એ પ્રમાણે જ થાય છે. એના પર કોઈનો કાબુ નથી હોતો.' સુમેહ પણ આટલું જ આયુષ્ય લઈને આવ્યો હતો. અનેક પ્રયાસો છતાં

ડોક્ટર એને બચાવી ન શક્યા. ઉચ્ચક જીવે ઓપરેશન થિયેટરની બહાર બેઠેલા રોહિત - સોનાલીને ડોક્ટરે ઓપરેશન થિયેટરની બહાર આવીને કહ્યું, 'Sorry, we can't save him. Sumeh is brain dead. He is on Ventilator.'

સોનાલી આઘાતની મારી અવાચક થઇ ગઈ, જાણે પુતળું જ જોઈ લો. રોહિતે ડોક્ટરને પૂછ્યું, 'ડોક્ટર અમે સુમેહને જોઈ શકીએ ? 'Yes, you can. Please come in.' રોહિતે સોનાલીને ઢંઢોળી અને એને સંભાળીને ઓપરેશન થિયેટરમાં જ્યાં સુમેહને રાખ્યો હતો ત્યાં લઇ ગયા. સુમેહની આવી સ્થિતિ જોઇને સોનાલીની આંખમાંથી અવિરત અશ્રુધાર વહેવા લાગી. રોહિતની મનોસ્થિતિ પણ ડગમગી ગઈ હતી. સવારે ઉઠ્યો ત્યારે તો સુમેહ હસતો-રમતો-બોલતો-જીવતો-જાગતો હતો, અને અત્યારે ? એને વિચાર આવ્યો, 'મમ્મીને કેવી રીતે ખબર આપું કે એમના લાડકા પૌત્રનું અસ્તિત્વ હવે 'ventiletor' નામના મશીન પર ટકી રહ્યું છે, જેવું મશીન હટાવ્યું કે ખેલ ખલાસ'

પણ ઘણા અણગમતા કામ આપણે કરવા જ પડતા હોય છે. રોહિતે જ્યારે ઘરે જઇને સુમેહના ખબર મમ્મી અને પુત્રી સીમોનીને આપ્યા ત્યારે એ અત્યંત ગમગીન થઇ ગઈ. અને સરલાબહેન ? એ તો બેભાન થઈને ઢળી જ પડ્યા. ડોકટરે આવીને એમનો ઉપચાર કર્યો અને પછી ઘેનનું ઇન્જેક્શન આપીને સુવડાવી દીધા. પોતાના ભાઈ-ભાભીને મમ્મીનું ધ્યાન રાખવાનું સોંપીને રોહિત પાછો હોસ્પિટલ આવ્યો.

ડોકટરે એમને પોતાની કેબીનમાં બોલાવીને કહ્યું, રોહિતભાઇ – સોનાલીબહેન, તમારો પુત્ર તો આ દુનિયામાં હવે પાછો ફરે એવી શક્યતા સહેજ પણ નથી. પણ એના થકી તમે ધારો તો ત્રણ વ્યક્તિને જીવનદાન આપી શકો એમ છો.' 'અમને તમારી વાત સમજાઈ નહિ, ડોક્ટર. અમે કઈ રીતે કોઇને જીવનદાન આપી શકીએ ?' બંને એકસાથે પૂછી બેઠા. 'Organ Donation' થી. ડોકટરે કહ્યું. અને પછી ઉમેર્યું, 'સુમેહનું બ્રેઇન ડેડ થઇ ગયું છે, પણ એનું હૃદય હજી ધબકી રહ્યું છે, એ પણ વેન્ટીલેટર છે ત્યાં સુધી જ. એટલે એની આંખોનું દાન કરો તો કોઈ અંધ માણસને દ્રષ્ટિ મળશે. અને એની કિડની અને લીવર બીજા બે માણસને જીવનદાન આપી શકશે.'

રોહિત અને સોનાલીએ એકબીજાની સામે જોયું અને પછી વિચારમાં પડ્યા. એમણે એકબીજા ઘણી ચર્ચા – વિચારણા કરી. પછી ડોકટર સાથેની લાંબી વાતચીત પછી રોહિત – સોનાલીએ નક્કી કર્યું કે 'સુમેહ એવી સ્થિતિમાં છે, જ્યાંથી એનું આ દુનિયામાં પાછા ફરવું શક્ય નથી. પણ એના થકી એક માણસને દ્રષ્ટિ અને બે માણસને જીવનદાન મળી શકે એમ છે, અને જીવનદાનથી મોટું બીજું કોઇ દાન નથી. મૃત્યુ પછી પણ પોતાનો પુત્ર પોતાના અંગો દ્વારા અન્યના શરીરમાં ધબકતો રહે તો એના જેવું પુણ્યનું કામ બીજું કોઈ નથી' એમ વિચારીને બંનેએ સુમેહના 'Organ Donation' માટે સંમતિ આપી દીધી.

સરલાબહેને જ્યારે આ વાત જાણી ત્યારે તેઓ પુત્ર અને પુત્રવધુ પર ખુબ નારાજ થયા, એમને પોતાના પૌત્રના 'Organ Donation' એટલે કે 'અવયવ દાન' ની વાત જરાય ન ગમી. અને એમના આ નિર્ણયનો વિરોધ કર્યો. એમનું માનવું હતું કે 'મૃત્યુ પછી દેહની વાઢકાપથી મરનારનો જીવ અવગતે જાય છે.' રોહિત – સોનાલીએ એમને બહુ સમજાવ્યા, કહ્યું, 'મમ્મી, સુમેહ તો મૃત્યુ પામીને પણ એક વ્યક્તિની દુનિયામાં અજવાળું લાવશે, અને બીજા બે વ્યક્તિને જીવાડશે. અને જીવનદાનથી મોટું બીજું કયું પુણ્ય હોઈ શકે ? આવું પુણ્ય કરનારનો આત્મા કઈ રીતે અવગતે જાય ?' છેવટે સરલાબહેન મનેકમને આ વાત માનવા તૈયાર થયા, અને સુમેહની આંખો અને અવયવોનું દાન કરવામાં આવ્યું.

'મમ્મી, તમારી રૂમમાંથી બહાર આવો, જુઓ તમને મળવા કોણ આવ્યું છે ?' ભગવાનની મૂર્તિની સામે મૂર્તિમંત બનીને બેઠેલા સરલાબહેન રોહિતની બુમ સાંભળીને વર્તમાનમાં પાછા ફર્યા. ધીમે ધીમે એ પોતાના રૂમમાંથી બહાર આવ્યા. જોયું તો પચ્ચીસેક વર્ષનો એક યુવાન, એક ચાલીસેક વર્ષના લાગતા ભાઈ અને એક પચાસથી બાવન વર્ષની મહિલા ડ્રોઈંગરૂમમાં સોફામાં બેઠા હતા. સરલાબહેન બહાર આવ્યા એટલે એ ત્રણેય ઉભા થઇ ગયા અને એમને પગે લાગ્યા.

સરલાબહેન આગંતુકોને ઓળખી ન શક્યા એટલે મૂંઝવણમાં પડ્યા. સીમોનીએ કહ્યું, 'દાદી, તમને યાદ છે, આજે કયો દિવસ છે ?' સરલાબહેને નકારમાં માથું ધુણાવ્યું એટલે સીમોની બોલી, 'દાદી, આજે સુમેહનો બર્થડે છે.' 'જ્યારે મારો લાડકો સુમેહ જ આ દુનિયામાં નથી રહ્યો, ત્યારે મારે માટે તો બધા દિવસો એક સરખા દુખના ડુંગરા જેવા છે, બેટા' બોલીને સરલાબહેને નિસાસો નાખ્યો. રોહિતે કહ્યું, 'મમ્મી, આજે સુમેહની વર્ષગાંઠના દિવસે ખાસ આ લોકોની મરજીને માન આપીને એમને આપણા ઘરે બોલાવ્યા છે, તેઓ આપણને કશું કહેવા માંગે છે.' 'સુમેહના મૃત્યુનો ઘા હજી રૂઝાયો નથી, ત્યારે આ ત્રણ અજાણ્યા માણસોને ઘરે બોલાવવાનો શું મતલબ છે ?' તે સરલાબહેનને ન સમજાયું, એટલે તેઓ ચુપ જ રહ્યા.

પેલો યુવાન સોફામાંથી ઉભો થયો, અને આગળ વધીને એણે રોહિતભાઈના પગ પકડી લીધા, બોલ્યો, 'તમારા પુત્રની આંખો થકી આ સુંદર અને અદભુત જગતને હું જોઈ શક્યો છું. મારા જીવનના અંધારા દુર કરીને તમે સૂરજનો પ્રકાશ ફેલાવ્યો છે, મારા જીવનને તમે જીવવા લાયક બનાવ્યું છે. તમારો આભાર માનું એટલો ઓછો છે, મેં પણ મૃત્યુ પછી મારી આંખોનું દાન કરવાનું નક્કી કર્યું છે' એની વાત સાંભળીને સૌને ખુબ ખુશી થઇ.

યુવાન સાથે આવેલા આધેડ ભાઈએ ગળગળા અવાજે હાથ જોડીને કહ્યું, 'તમારા પુત્રની કિડનીના કારણે હું આજે જીવિત છું, તમે મારી પત્નીને વિધવા અને મારા બાળકોને અનાથ – લાચાર થવામાંથી ઉગારી લીધા છે, ભાઈ તમારો આભાર માનું એટલો ઓછો છે, મેં પોતે તમારા પુણ્યકાર્યથી પ્રભાવિત થઈને મારા ફેમિલીને કહી દીધું છે, કે મારા મૃત્યુ પછી મારા અવયવો કોઈને કામ લાગે એમ હોય તો તમે અવશ્ય એમ કરવાની પરવાનગી આપજો.' આધેડ બહેન બોલ્યા, તમે મને તમારા પુત્રનું લીવર દાનમાં આપ્યું જેના કારણે હું આજે જીવિત છું, અને મારા પૌત્રનું મોઢું જોવા ભાગ્યશાળી બની છું. મેં નક્કી કર્યું છે, કે મૃત્યુ પામીશ ત્યારે આ નશ્વર દેહનું દાન કરીશ, જેથી મેડીકલના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા એ કામમાં આવે.'

થોડીવાર પછી એ ત્રણે જણા વારંવાર સૌનો આભાર પ્રદર્શિત કરીને ગયા. એ ત્રણેયની વાત સાંભળીને સરલાબહેનને સમજાયું કે આ લોકો શા માટે ઘરે આવ્યા હતા. પોતાનો પૌત્ર મૃત્યુ પામીને પણ અમર થઇ ગયો, બીજા લોકોને કામમાં આવ્યો, તે જાણીને એમના જીવને એક જાતના આનંદની – ગૌરવની લાગણી થઇ. પુત્ર અને પુત્રવધુ સામે સરલાબહેને પોતાના પૌત્રના 'અવયવ દાન' નો કરેલો વિરોધ યાદ આવ્યો. એમને પોતાની ભૂલ સમજાઈ. 'Organ Donation' એટલે કે 'અવયવ દાન' નું મહત્વ હવે એમને સમજાયુ. 'જાગ્યા ત્યારથી સવાર' એમ મનોમન બોલીને એમણે પોતે પણ પોતાના મૃત્યુ પછી, 'અવયવ દાન' કે 'દેહદાન' કરવાનો નિશ્ચય બધાની સામે જણાવ્યો, ત્યારે સૌએ એમને એમના આ 'જીવનદાન' ના નિશ્ચય બદલ બિરદાવ્યા.

**યુવાનીમાં લોહીનું દાન**
**મૃત્યુ બાદ ચક્ષુદાન**

# સંસ્થા સમાચાર

**શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ સંચાલિત યુવા મંચ આવિષ્કાર ગ્રુપ અને ભગીની સમાજ દ્વારા આયોજિત**

**અમૃત રમતોત્સવ**



શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તેમજ સંલગ્ન સંસ્થાઓ દ્વારા અમૃત વર્ષ પર્વ 'અમૃત રમતોત્સવ'નું આયોજન તા. ૧૯ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ કરવામાં આવ્યું. નિર્ધારિત સમયે સર્વે કારોબારી સભ્યો સવારે ૭.૦૦ કલાકે મીરારોડ, શાંતિનગર સેકટર-૩ના મેદાનમાં ભેગા થયા. સર્વે ભાગલેનાર સભ્યોને નંબર તેમજ અમૃત રમોત્સવ નિમિત્તે ૭૫ વર્ષના લોગોવાળી ટોપી યાદગીરી રૂપે આપવામાં આવી. સર્વે સભ્યોએ ઉપમા-ચટણી અને ચા-કોફીને ન્યાય આપ્યો.

આજરોજના અધ્યક્ષ શ્રીમાન રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રી તેમજ તેમના ધર્મ પત્ની શ્રીમતિ જાગૃતિ રાકેશ મિસ્ત્રી ને લઇ સમાજના પ્રમુખ રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી ડાયસ પર બિરાજમાન થયા. તેમનું સ્વાગત કર્યાબાદ મંત્રીશ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રીએ તેમનો પરિચય આપ્યો. અમૃતપર્વની સ્મૃતિ રૂપે તેમને ચાંદીનો સિકકો આપ્યો. રમતોત્સવનો શુભારંભ શ્રીફળ વધેરીને કરવામાં આવ્યો. પ્રમુખશ્રી રાહુલભાઇએ પ્રાસંગિક પ્રવચન કર્યુ અને તે સાથે ફન રન ની રજુઆત કરી. આ માટે આજરોજના અધ્યક્ષ તેમન અધ્યક્ષા તથા પ્રમુખ, મંત્રીશ્રી અને કારોબારી સભ્યોએ ૧૦૦ મીટરની દોડ દ્વારા રમતોત્સવનો શુભારંભ કર્યો.

આજના રમતોત્સવમાં આ મુજબની કેટેગરી રાખવામાં આવી જેમાં બાળકોથી માંડીને સીનીયર સીટીઝનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

વય જુથ - ૭ વર્ષથી ૧૫ વર્ષ

૧૦૦ મીટર દોડ પ્રથમ-ચિ. ધ્રુવ કમલેશ પંચોલી

દ્વિતીય-કુ. હર્ષિતા હિરલ મિસ્ત્રી

તૃતીય-કુ. દુર્વા સુરેતુ પંચોલી

બટાકા દોડ પ્રથમ-કુ. હર્ષિતા હિરલ મિસ્ત્રી

દ્વિતીય-ચિ. ધ્રુવ કમલેશ પંચોલી

તૃતીય-કુ. ઈશિકા રાહુલ મિસ્ત્રી

ગોટી ચમચી : પ્રથમ-ચિ. નિકી જીતેન્દ્ર મિસ્ત્રી

દ્વિતીય-કુ. કસક રાકેશ મિસ્ત્રી

તૃતીય-કુ. હર્ષિતા હિરલ પંચોલી

વય જુથ ૧૬ થી ૨૦

બુક બેલેન્સ : પ્રથમ-ચિ. રચિત દિપક મહેતા

દ્વિતીય-ચિ. રોહન રાકેશ મિસ્ત્રી

કાર્ડ બોર્ડ રેસ : પ્રથમ-ચિ. રચિત દિપક મહેતા

દ્વિતીય-કુ. કિંજલ વિજય મહેતા

તૃતીય-શ્રીમતિ કવિતા પ્રતિક પંચોલી

બલુન બીટવીન લેગ રેસ

વિજેતા : ચિ. રચિત દિપક મહેતા

વય જુથ : ૩૧ થી ૫૯ વર્ષ

બુક-બેલેન્સ : પ્રથમ-શ્રી જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી

દ્વિતીય-શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધી

તૃતીય-શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી

બેક ટુ બેક બલુન્સ(કપલ)

પ્રથમ-શ્રીમતિ ફોરમ-શ્રી દેવાંગકિરીટભાઇ ગાંધી

દ્વિતીય-શ્રીમતિ ડિમ્પલ-શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી

તૃતીય-કુ. મોનાલી-શ્રી વિશાલ કમલ કાપડિયા

ત્રીપગી રેસ(કપલ)

પ્રથમ-શ્રીમતિ ફોરમ-શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધી

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. અમૃતલાલ શાંકરલાલ જરીવાલા સુરત | શ્રી હરીશભાઇ બાબુભાઇ પંચોલી સુરત

દ્વિતીય-શ્રીમતિ કાનલ-શ્રી જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી
તૃતીય-શ્રીમતિ કવિતા-શ્રી પ્રતિક કમલેશ પંચોલી
વય જુથ ૬૦ વર્ષ કે તેથી વધુ
બુક બેલેન્સ પ્રથમ-શ્રીમતિ મંજુલાબેન પંચોલી
દ્વિતીય-શ્રીમતિ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી
તૃતીય-શ્રીમતિ મધુબેન જગદીશકુમાર મિસ્ત્રી
ગોટી ચમચી : પ્રથમ-શ્રીમતિ મંજુલાબેન પંચોલી
દ્વિતીય-શ્રીમતિ મધુબેન જગદીશકુમાર મિસ્ત્રી
તૃતીય-શ્રી કમલ ગુલાબદાસ કાપડિયા
સોય -દોરો પ્રથમ-શ્રીમતિ નયના નરેન્દ્ર મિસ્ત્રી
દ્વિતીય-શ્રીમતિ મધુબેન જગદીશકુમાર મિસ્ત્રી
તૃતીય-શ્રીમતિ જયાબેન બાબુલાલ પંચોલી

ઉપરોક્ત કાર્યક્રમમાં સમાજના ૧૦૦ સભ્યોએ ભાગ લીધો હતો. ઉપરોક્ત રમતોનું આયોજન શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી તેમજ શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધીએ પ્રમુખશ્રી અને કારોબારી સભ્યોના સથવારે કર્યુ. ઉંધિયુ, પુરી, ગાજરનો હલવો અને કટલેટ અને દાળભાતનું જમણ કરી વિરામ બાદ ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટમાં કુલ ચાર ટીમોએ ભાગ લીધો. આ ચાર ટીમના કેપ્ટન હતા (૧) શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી (૨) શ્રી દેવાંગ કીરીટભાઇ ગાંધી (૩) શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી (૪) શ્રી પ્રતિક કમલેશ પંચોલી

આ ટીમો વચ્ચે ૬ ઓવરની બોક્સ ક્રિકેટ રમવામાં આવી. અન્ડરઆર્મ મેચોમાં મહિલા ખેલાડીઓએ તેમજ બાળકોએ પણ ભાગ લીધો હતો. ભારે રસાકસી વચ્ચે સીનીયર સીટઝન મેમ્બરોએ ભાગ લીધો. આ ટુર્નામેન્ટમાં શ્રી કૃણાલ રાજેન્દ્ર પંચોલી અને શ્રી કુંતલ પ્રફુલચંદ્ર પંચોલીએ કોમેન્ટ્રી આપી હતી. શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રીએ કોમેન્ટ્રીની કામગીરી બજાવી. શ્રી સંજય જયંતિલાલ મિસ્ત્રી તથા શ્રી કલ્પેશ જયંતિલાલ મિસ્ત્રીએ અમ્પાયરની કામગીરી બજાવી હતી. ઉપરોક્ત રમતમાં મંત્રીશ્રી પરાગભાઇની ટીમ વિજેતા ટીમ બની. અનુક્રમે ફસ્ટ સેકન્ડ અને થર્ડ રનર અપ તરીકે પ્રતિકભાઇ, રાહુલભાઇ તેમજ દેવાંગભાઇની ટીમ રહી. કાર્યક્રમ બાદ નારીરત્ન યુગાંતર હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી તેમજ આજરોજના અધ્યક્ષશ્રીના વરદ હસ્તે ઇનામ વિતરણ(મેડલ તથા ટ્રોફી) આપવામાં આવી. આજરોજના ઇનામો નારીરત્ન યુગાંતર હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી તરફથી આપવામાં આવ્યા. આજરોજ નીચે મુજબ દાન મળ્યું.

૨,૨૨૨ શ્રીમતિ અને શ્રીમાન જાગૃતિ રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રી
૫૦૧ શ્રીમતિ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી-નવસારી
૧૦૦૧ શ્રીમતિ જયાબેન બાબુલાલ પંચોલી-લેસ્ટર
૧૫૦૧ નંદકુમાર નરોત્તમદાસ મિસ્ત્રી-કાંદીવલી
૫૦૧ પ્રીતેશ નંદકુમાર મિસ્ત્રી-કાંદીવલી

## શ્રી પંચોલી સમાજ-સંખેડા

સંખેડા સમાજને મળેલ દાન

૫૦૦ બહાદરપુર નિવાસી પંચોલી પન્નાલાલ નરોત્તમદાસની ઉત્તરક્રિયા નિમિત્તે.

૧૧૦૧ સીસોદરા નિવાસી પંચોલી અશોકભાઇ સૂર્યકાંતભાઇ પરફથી ચિ. કૃતિકાના મોસાળા પ્રસંગે

૧૫૦૧ પંચોલી અશોકભાઇ જયંતિભાઇ તરફથી ચિ કૃતિકાના લગ્ન નિમિત્તે..

સ્ટીલના બાઉલ નં. ૪ પંચોલી અમિતકુમાર નરેન્દ્રભાઇ તથા પંચોલી ઠાકોરભાઇ ચંપકલાલ તરફથી શર્મિષ્ઠાબેનની ઉત્તરક્રિયા નિમિત્તે સંખેડા સમાજની વાડીમાં દાનમાં મળેલ છે...

દાતાશ્રીઓનો આભાર....



# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વીની મહિલા મંડળ, વડોદરાની ફેબ્રુઆરી માસની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૧૭.૦૨.૨૦૨૦ને સોમવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે શીલાબેન એ. પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. પ્રીતિબેને સૌ બહેનોને ફેન્ટા પીવડાવી સ્વાગત કર્યુ.

મિટિંગની શુભ શરૂઆત શિવ વંદનાથી કરવામાં આવી ગુરૂવાર હોવાથી દત્તબાવની બોલ્યા. સમાજમાં દિવંગત પામેલ આત્માઓની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી. આનંદીબેને ગત મિટિંગનો અહેવાલનું વાંચન કર્યુ. પ્રમુખશ્રી સુરેખાબેને 'કાચો આહાર' થી થતા ફાયદાઓ વિશે ચર્ચા કરવામાં આવી.

પ્રોજેક્ટ કોમ્પીટીશનમાં 'કાચુ તે સાચુ' દ્વારા વાનગીઓ બનાવીને બહેનો લાવી હતી. નિર્ણાયક તરીકે બિનિતાબેને સેવા આપી હતી. શીલાબેન તરફથી પ્રથમ અને દ્વિતીયની પસંદગી કરવાની હતી જેમાં પ્રથમ નીતાબેન એસ. અને દ્વિતીય પ્રિતીબેન મપારા અને સુરેખાબેન તરફથી પ્રથમ અને દ્વિતીયની પસંદગી કરવાની હતી જેમાં પ્રથમ લીનાબેન અને દ્વિતીય જ્યોતિબેન કે. વિજેતા થયા હતા. શીલાબેને વન મિનિટ ગેમ રમાડી જેમાં પ્રથમ જ્યોત્સનાબેન અને દ્વિતીય હર્ષાબેન વિજેતા થયા હતાં. ત્યારબાદ હાઉસીની રમત રમાડવામાં આવી જેમાં આરૂષે ખૂબ મઝા કરાવી રમત રમાડી હતી.

વાનગી સ્પર્ધાના ઇનામો શીલાબેન અને સુરેખાબેન તરફથી આપવામાં આવ્યા અને ગેમના વિજેતા બહેનોને શીલાબેન તરફથી ઇનામો આપવામાં આવ્યા.

અંતમાં ઇડલી-સંભાર, ગુલાબજાંબુ અને પુલાવનો આસ્વાદ માણી સુંદર ભોજનના આયોજન બદલ બિનિતાબેન અને શીલાબેન તથા પરિવારજનોનો આભાર પ્રિતીબેને સૌના વતી કર્યો. અગામી મિટિંગ પ્રિતીબેનને ત્યાં રાખવાનું નક્કી કરી છુટા પડ્યા.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૨૨.૦૨.૨૦૨૦ના પંચોલી મહિલા મંડળની મિટિંગ બિનિતાબેન હેમેન્દ્રભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. વેલેન્ટાઇન ડે નિમિત્તે રેડ અને યલો કલર કોડ આપવામાં આવ્યો હતો એ મુજબ બહેનો વસ્ત્રો પરિધાન કરી આવી હતી.

બિનિતાબેને સૌને આવકાર્યા. સમુહમાં પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. મંત્રી સોનલબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો.

આ માસમાં આવતી એનીવર્સરી અને બર્થડે ગીફ્ટ આપી વિશ કરવામાં આવ્યા.

પ્રોજેક્ટ અનુસાર 'કાચુ તે સાચુ' અંતર્ગત વાનગી બનાવવાની હતી.. એ મુજબ બહેનો ઘરેથી વાનગી બનાવી લાવ્યા હતાં... સૌએ એનો ટેસ્ટ કર્યો. બિનિતાબેને વન મિનિટ ગેમ રમાડી જેમાં ૫૦ વર્ષથી ઉપરનામાં પ્રથમ નીતાબેન રાજેશભાઇ અને દ્વિતીય મીનાબેન છગનભાઇ તથા ૫૦ વર્ષની નીચેનામાં સોનલ મનોજભાઇ વિજેતા થયા હતાં. મહિલા મંડળ તરફથી વિજેતા બહેનોને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા..

આજરોજ નીચે મુજબ દાન મળ્યું..

૫૦ બીનીતાબેન હેમેન્દ્રભાઇ-બર્થડે

૫૦ રેખાબેન રાજનભાઇ - બર્થડે

૫૦ નીપાબેન મૌલિકભાઇ-બર્થડે..

૫૦ બિનિતાબેન હેમેન્દ્રભાઇ-એનીવર્સરી
૫૦ હિરલબેન દિપેશભાઇ-એનીવર્સરી

આવતા માસની મિટિંગ દેવયાનીબેન નિલેશભાઇ મહેતાને ત્યાં રાખવામાં આવી અને તેમાં ખજુરની વાનગી અને મહિલાદિનની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું. તથા તા. ૧૪.૦૩.૨૦૨૦ના રોજ પુનગામ ખાતે આવેલ પ્રસિધ્ધ લાખા હનુમાન મંદિર પ્રવાસ જવાનું નક્કી કરવામાં આવ્યું. અંતમાં શરબત અને નાસ્તાને ન્યાય આપી છુટા પડયા...



## નવયુગ ભેટ

ગણદેવી-બીલીમોરા નિવાસી સ્વ. ચંદનબેન રમણભાઇ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી રૂ. ૨૧૧ નવયુગ ભેટ

## સમગ્ર પાલ વિભાગ

સમગ્ર પાલ વિભાગની કારોબારીની એક મિટિંગ તા. ૧૨.૧૨.૨૦૧૯ના રોજ રાખવામાં આવી હતી. જેમાં પાલ વિભાગના દરેક હએકમમાંથી સભ્યો હાજર રહ્યા હતાં.

તેમાં પાછલા ઠરાવોને વંચાણે લઇ બહાલી આપવામાં આવી હતી... હિસાબો વંચાણે લઇ બહાલ રાખવામાં આવ્યા હતાં..

ચર્ચા વિચારણાને અંતે પાલ વિભાગમાં આવતા દરેક ગામના સમાજની વ્યકિતઓની માહિતી એકત્ર થાય તેવુ નક્કી કરવામાં આવ્યું. ગામમાં રહેતા સમાજના દરેક ઘરના વ્યકિતનું નામ, સરનામું, શૈક્ષણિક લાયકાત, બ્લડગ્રુપ અને મોબાઇલ નંબર જેવી ઉપયોગી અને વિસ્તૃત માહિતી એકત્ર કરવાનું સર્વાનું મતે નક્કી કરવામાં આવ્યું.


## સી.ટી.સ્મારક નિધિ

વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ માટે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત ઉચ્ચ શિક્ષણ ફંડમાં કુલ ૨૧ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૮૧,૫૦૦/-ની સહાય આપવામાં આવી છે તેમજ સી. ટી. સ્મારક નિધિમાંથી કુલ ૧૬ વિદ્યાર્થીઓને રૂા. ૩૭,૦૦૦/- ની સહાય આવેલ અરજીના અનુસંધાનમાં કરવામાં આવી. જેમાં સુરત-૮, છોટાઉદેપુર-૮, મુંબઇ-૨, બીલીમોરા-૨, નવાપુર-૧, ભરૂચ-૨, બરોડા-૩, વ્યારા-૫, બોડેલી-૨, રાજપીપલા-૨, સીનોર-૧. આમ કુલ ૩૭ વિદ્યાર્થીઓને ને કુલ રૂા. ૧,૧૮,૫૦૦ની સહાય આપવામાં આવી છે.. તેઓએ આપેલ ખાતામા રોકડ જમા કરવામાં આવેલ છે...

ખાસ નોંધ : વિદ્યાર્થીઓ તેમજ વાલીશ્રીઓને નમ્ર વિનંતી કે તમારૂ જે બેંકમાં એકાઉન્ટ ચાલુ હોય તેની જ વિગત ફોર્મમાં જણાવવી. જે એકાઉન્ટની વિગતો ફોર્મમાં ભરો છો તેને સાથે એક ચેક કેન્સલ કરેલો અવશ્ય મોકલવો...

શ્રી ધવલકુમાર જે. પંચોલી        શ્રી દક્ષય પી. ગજ્જર

સી. ટી. સ્મારક નિધિ











# એક વાર જાવુ હરીના ધામમાં



વડોદરા નિવાસી સુંદરલાલ શનાલાલ પંચોલી તા. ૧૨.૦૨.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૨




સુરત-સગરામપુરા નિવાસી કપિલાબેન ચંપકલાલ ઝવેરી તા. ૧૪.૦૨.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.



સુરત ધોડદોડરોડ નિવાસી ઈન્દુભાઇ નટવરલાલ મારફતિયા તા. ૧૪.૦૨.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા.



બીલીમોરા નિવાસી અશોકભાઇ રમેશભાઇ પંચોલી તા. ૨૬.૦૨.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૪૫



નવસારી(ખડસુપા) નિવાસી શ્રી રમણભાઇ કલ્યાણજી મિસ્ત્રી તા. ૦૯.૦૨.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા.



વ્યારા નિવાસી દમયંતિબેન નટવરલાલ ગાંધી તા. ૨૫.૦૨.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા.



સંખેડા નિવાસી શર્મીષ્ઠાબેન નરેન્દ્રભાઇ પંચોલી તા. ૨૦.૧૨.૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા.

વડોદરા(પાનવડ)નિવાસી શ્રીમતિ પ્રેમીલાબેન મનહરલાલ પંચોલી તા. ૨૪.૦૧.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા.

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૦૦૦/- ભાટપુર નિવાસી ગં.સ્વ. સુશીલાબેન નગીનભાઇ પંચોલી તરફથી સ્વ. નગીનલાલ પીતાંબરદાસ પંચોલીના સ્મરણાર્થે.

રૂા. ૨૦૦/- વ્યારા નિવાસી શ્રી બિપીનભાઇ જમનાદાસ પંચોલી તરફથી પૌત્ર શૈલની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૦૦/- વ્યારા નિવાસી દાદી પ્રવિણાબેન તથા દાદા હર્ષદભાઇ પરસોત્તમભાઇ મિસ્ત્રી તરફથી પૌત્રી રૂહીની વર્ષગાંઠ નિમિત્તે..

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065

IFC Code BARBO CITYLT

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

SB 014710003655

IFSC code : BKDN0210147

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર




# આપણું ગૌરવ

અમદાવાદ નિવાસી શ્રીમતિ પલ્લવીબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રીને ગુજરાત સાહિત્ય એકાડમી તરફથી શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક એમનું પુસ્તક ‘હાસ્ય વર્ષા’ ને પ્રથમ પારિતોષિક ગાંધીનગર ખાતે એનાયત કરવામાં આવ્યું...

હાસ્યજગત પર સદા હાસ્ય વર્ષાવિતા પલ્લવીબેનને સમાજનું ગૌરવ વધારવા બદલ સમગ્ર પંચોલી સમાજ વતી ખૂબ ખૂબ અભિનંદન



ધો. ૧૦માં અભ્યાસ કરતા વ્યારાના હેમીશકુમાર તુષારભાઇ પંચોલી ‘ઇન્સ્પાયર એવોર્ડ-માનક’ ની સ્પર્ધામાં ઇનોવેટીવ આઇડીયા દ્વારા ‘પ્રીવેન્શન ઓફ એકસીડન્ટ બાય આલ્કોહોલીક પર્સન’ ની કૃતિ જાતે બનાવી જીલ્લા કક્ષાની સ્પર્ધા જે ભેસ્તાન - સુરત મુકામે યોજાયેઇ તેમાં પસંદગી પામી રાજયકક્ષાાની સ્પર્ધામાં નામાંકિત થતા ઉઝા-મહેસાણા મુકામે પસંદગી પામી હવે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવાની તૈયારી શરૂ કરી દીધી છે...

તા. ૨૬ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ ૭૧માં પ્રજાસત્તાક દિનની જીલ્લાકક્ષાની ઉજવણી સમારોહમાં તાપી જીલ્લાના કલેકટર સાહેબશ્રી આર. જે હલાણીના વરદ હસ્તે સન્માન પત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા.

A1 Calc. Math Q & To Doe નામની ત્રણ એન્ડ્રોઇડ મોબાઇલ એપ્લીકેશન જાતે બનાવી એમેઝોન એપ અને ગુગલ પ્લે સ્ટોર પર પ્રથમ પ્રયાસે પબ્લીસ થયેલ છે. જેની લીન્ક https://play.google.com / stpre/apps/developer?id=Hemis + pancholi પરથી ડાઉનલોડ કરી શકાશે.

ઉપરોકત સિધ્ધિઓ બદલ સમગ્ર પંચોલી સમાજ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી સંજીવ પંચોલી વડોદરા | શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

Book-Post

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**